# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-10-2025** **Day: Monday** **Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## બિહાર વિધાનસભા ચૂંટણી:

બિહાર વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં જાહેરાત કરી હતી કે રાજ્ય વિધાનસભાની 243 બેઠકો માટે 6 અને 11 નવેમ્બરના આમ બે તબક્કામાં મતદાન થશે અને 14 નવેમ્બરના મતગણતરી હાથ ધરાશે. પ્રથમ તબક્કામાં 121 બેઠકો માટે 6 નવેમ્બરે મતદાન થશે, જ્યારે બીજા તબક્કામાં 122 બેઠકો માટે 11 નવેમ્બરે મતદાન થશે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત સાથે જ બિહારમાં આદર્શ આચારસંહિતા લાગુ થઈ ગઈ છે.

----------------------------------------------------------------------------------------------------

## રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણી :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સફળ નેતૃત્વના 24 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર રાજ્યમાં આવતીકાલથી 15 ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરાશે. તે અંતર્ગત કુલ 10 વિભાગોની પ્રત્યક્ષ સહભાગીદારી, કુલ 13 જેટલા વિષયનો સમાવેશ કરાયો છે. 15 ઑક્ટોબર સુધી દરેક દિવસની 'વિષયવસ્તુ આધારિત ઉજવણી કરાશે. દરમિયાન લોકોને જાણકારી આપવાની સાથે વિકાસ કાર્યોથી લાભાન્વિત પણ કરાશે.

----------------------------------------------------------------------------------------------------

## રાજ્ય વર્ગ-4ના કર્મચારીઓને બોનસ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગામી દિવાળીના તહેવારો વર્ગ-4ના કર્મચારીઓ ઉત્સાસહપૂર્વક ઊજવી શકે એ માટે રૂપિયા 7000 હજારની મર્યાદામાં એડહોક બોનસ આપવાનો નિર્ણય કર્યો છે. આ બોનસનો અંદાજે 16 હજાર 921 કર્મચારીઓને લાભ મળશે. મુખ્યમંત્રીએ રાજ્ય સરકારના નાણાં વિભાગને આ અંગેના જરૂરી આદેશો કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા છે.

રાજ્ય મંત્રીમંડળના મહેકમ પરના, વિધાનસભા અધ્યક્ષના, દંડકશ્રીના, નાયબ દંડક અને ઉપદંડકશ્રી તથા પંચાયત, યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, ગ્રાન્ટ ઈન એઈડ શાળા અને કોલેજ તથા જેમને બોર્ડ કોર્પોરેશન દ્વારા બોનસ ચુકવવામાં આવતું નથી તેવા રાજ્ય સરકારના બોર્ડ કોર્પોરેશનમાં ફરજ બજાવતા વર્ગ-૪ના કર્મચારીઓને આ લાભ મળવાપાત્ર થશે.

---

## ભારત વિકાસ પ્રતિજ્ઞા:

કચ્છ કલેક્ટર કચેરી ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત આવતીકાલે બપોરના સવા બાર વાગ્યે ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવશે.

આ પ્રતિજ્ઞામાં સાંસદ, ધારાસભ્યો, જિલ્લા કલેક્ટર ઉપરાંત જિલ્લાની વિવિધ કચેરીઓના વર્ગ - ૧ અને ૨ના અધિકારીઓ જોડાશે અને દેશ માટે સમર્પિત રહેવા સંકલ્પબદ્ધ થશે.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. આ દિવસથી ગુજરાતના વિકાસની જે વણથંભી યાત્રા શરૂ થઈ તેને આવતીકાલે ૭ ઓક્ટોબરના રોજ સફળતા પૂર્વક ૨૪ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. તેના ભાગરૂપે વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.

---

## હવામાન આગાહી:

હવામાન વિભાગ દ્વારા આગામી 7 દિવસ એટલે કે, 6 ઓક્ટોબરથી 12 ઓક્ટોબર સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. અત્યારે શક્તિ વાવાઝોડું ધીમું પડયું છે. જોકે, ગુજરાતમાં શક્તિની અસર નહીં થાય.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉકટર એ કે દાસના જણાવ્યા અનુસાર, આગામી 3 દિવસ રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર અને કચ્છમાં હળવો વરસાદ રહેશે. જેના કારણે માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. દરિયાકાંઠે 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

---

## જિલ્લામાં વરસાદ:

હવામાન વિભાગની આગાહી અનુસાર આજે કચ્છ સહિત કેટલાક જિલ્લામાં વરસાદ થયાના અહેવાલ છે. રાજ્યના છેલ્લા 24 કલાક દરમિયાન 33 તાલુકાઓમાં વરસાદ પડ્યો છે.

જિલ્લા મથક ભુજ સહિત રાપર, અંજાર અને નખત્રાણા વિસ્તારોમાં છૂટાછવાયા ઝાપટાં પડ્યા હતા. ભુજમાં સવારથી જ વરસાદી ઝાપટાં શરૂ થઇ ગયા હતા.

રાપરમાં જોરદાર વરસાદ થતાં માર્ગો પર પાણી વહેતા થયા હતા. પશ્ચીમ કચ્છના નખત્રાણા, અબડાસા અને લખપતના કેટલાક સ્થળોએ વરસાદ પડ્યાના અહેવાલ છે. જિલ્લા કન્ટ્રોલ રૂમમાંથી મળેલી વિગત અનુસાર આજે સવારે છ વાગ્યાથી બપોરના 2 વાગ્યા સુધીમાં લખપત તાલુકામાં એક મિલીમીટર, નખત્રાણામાં 7 અને અબડાસામાં 2 મિલીમીટર વરસાદ નોંધાયો છે.

વરસાદના કારણે ખેતીપાકોને નુકસાન થવાની ભીતિ સતાવી રહી છે, જેના કારણે તેઓ ચિંતિત બન્યા છે.

---

# <u>ગાંધીધામ સ્વદેશી મેળો:</u>

ગાંધીધામ ખાતે આવતીકાલથી સ્વદેશી મેળાનો પ્રારંભ થશે જે 20 ઓકટોબર સુધી ચાલશે.ગાંધીધામ મહાનગરપાલિકા અને દિનદયાલ પોર્ટ અથોરીટી કંડલા દ્વારા સ્થાનિક ઉત્પાદકો, કલાકૃતિઓ સેવાઓ, ક્રાફ્ટ અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા, લોકલ ફોર વોકલ અને મેક ઇન ઇન્ડિયા તેમજ વિકસિત ભારતની સંકલ્પનાને સાકાર કરવા સાંજે 4થી રાત્રીના 10 વાગ્યા સુધી  સ્વદેશી મેળો યોજાશે. આ મેળામાં  સ્વદેશી ઉત્પાદકની વસ્તુઓ, હસ્તકળા, આર્ટસ અને ક્રાફ્ટ માટે 50થી વધુ સ્ટોલ રાખવામાં આવ્યા છે તથા ફૂડ સ્ટોલ અને બાળકો માટે રમત ગમતની વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વદેશી મેળામાં દરરોજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે.

---